## વડીલોને વંદન અભિનંદન

આજે જન્મદિવસ



રામજીભાઈ મીઠાભાઈ વોરા
(૧૯૪૬) ફોન : ૨૩૨૪૬૪૬૯



દયાબેન ગીરીશભાઈ પરમાર
(૧૯૪૦) ફોન : ૨૩૨ ૨૮૭૧૫



ભરતકુમાર અંબાલાલ ભટ્ટ
(૧૯૫૪) ફોન : ૨૩૨ ૨૭૧૭૯

# પોલીસ સામેની ફરીયાદ પાછી ખેંચી લે નહીંતર લાશ પણ સગેવગે કરી નાંખીશું

### કોલવડાની વિધવાને બુટલેગરે મારી નાંખવાની ધમકીઓ આપી : દસેક દિવસ અગાઉ પોલીસ અને બુટલેગર વિરૂદ્ધ વિધવાએ આઈ.જી. સમક્ષ ફરીયાદ કરી હતી

ગાંધીનગર, તા. ૫

પેથાપુર પોલીસ સ્ટેશનના કર્મચારીએ કોલવડા ગામમાં રહેતી વિધવાના પુત્રને દારૂના ખોટા કેસમાં કરેલી ધરપકડ સંદર્ભે વિધવાએ રેન્જ આઈ.જી.ને લેખીતમાં ફરિયાદ કરી હતી. આ મામલે ફરીયાદ પાછી ખેંચી લેવા બુટલેગરે એક અન્ય શખ્સ સાથે ઘરે આવીને જાનથી મારી નાંખવાની ધમકી આપી હોવાની ફરીયાદ રેન્જ આઈ.જી. સમક્ષ આપી છે. આઈ.જી.એ આ સંદર્ભે તપાસ શરૂ કરાઈ છે.

દસેક દિવસો અગાઉ કોલવડા ગામની વિધવાએ પેથાપુર પોલીસમથકના કર્મચારીએ તેણીના દિકરાને દારૂના ખોટા કેસમાં ફસાવી દેવા બાબતે રેન્જ આઈ.જી.ને ફરીયાદ કરી હતી. દરમ્યાન કોલવડાનો બુટલેગર ૩૧ ઓગષ્ટે લેખીતમાં પોલીસ વિરૂદ્ધ ફરીયાદ આપનાર વિધવાના ઘરે અન્ય એક શખ્સ સાથે પહોંચી ગયો હતો અને ધાકધમકીઓ આપી હતી કે પેથાપુર પોલીસ અને મારી વિરૂદ્ધ (બુટલેગર વિરૂદ્ધ) કરેલી ફરીયાદ પાછી ખેંચી લે નહીતર તને અને તારા પરીવારના લોકોને ઉઠાવી જઈને ખુન કરી નાખીશુ અને લાશ સગેવગે કરી નાંખીશુ. તેમ કહીને ગાળાગાળી કરીને ધાકધમકીઓ અપાતા વિધવાએ રેન્જ આઈ.જી. સહિત માનવ અધિકાર આયોગને અરજી કરી છે. તે ઉપરાંત રક્ષણ આપવા તથા આરોપીઓ વિરૂદ્ધ કાર્યવાહી કરવાની માંગ આઈ.જી.ને કરી છે.

# ખાત્રજ દૂધ મંડળીના ચેરમેન અને મંત્રી વિરૂધ્ધ ઉચાપતની ફરિયાદ

### હંગામી ઉચાપત મામલે મદદનીશ સહકારી અધિકારીએ પોલીસ ફરિયાદ નોંધાવી

કલોલ, તા.૫

કલોલ તાલુકાની ખાત્રજ દુધ મંડળીના મંત્રી અને ચેરમેને મળીને દુધ ઉત્પાદક સહકારી મંડળીમાં સાગર દાણાબોરીઓનું વેચાણ કરીને રૂ. ૭ હજારની હંગામી ઉચાપત કરી હોવાની પોલીસ ફરિયાદ નોંધાતા ચકચાર મચી જવા પામી છે. કલોલ તાલુકા પોલીસે મદદનીશ સહકારી અધિકારીની ફરિયાદને આધારે ખાત્રજ દુધ ઉત્પાદક સહકારી મંડળીના મંત્રી અને ચેરમેન વિરૂધ્ધ ગુનો દાખલ કરી તપાસનો દોર શરૂ કર્યો છે.

પ્રાપ્ત થતી માહિતી મુજબ ખાત્રજ દુધ ઉત્પાદક સહકારી મંડળીના ચેરમેન દેસાઈ ગાંડાભાઈ લાલાભાઈ અને મંત્રી દેસાઈ ભુલાભાઈ ગાંડાભાઈ એ ૧લી ઓકટોબર ૨૦૧૧થી ૩૧ ડિસેમ્બર ૨૦૧૧ સુધીના બે મહિનાના સમયગાળા દરમિયાન રૂ. ૭૦૦ની કિંમતના ૧૦ નંગ સાગર દાણા બોરી મળીને કુલ રૂ. ૭ હજારના દાણા બોરી વેચાણ કર્યા હતાં. આ રકમને જમા ન કરાવી બંને હોદ્દેદારોએ ઉચાપત કરી હોવાનું બહાર આવવા પામ્યું હતું. જો કે મંડળીના મંત્રી અને ચેરમેને ઉપરોકત રૂપિયા ૨૭ ડિસેમ્બર ૨૦૧૧ ના રોજ જમા કરાવી તેનું વ્યાજ ફેબ્રુઆરી ૨૦૧૨ના રોજ જમા કરાવી દીધું હતું. જે ઓડીટરે કરેલા ઓડીટ દરમિયાન બહાર આવતા મંડળીમાં હંગામી ઉચાપત કર્યાની પોલીસ ફરિયાદ કલોલ તાલુકા પોલીસ મથકે અમદાવાદ સહકારી મંડળી (ગ્રામ્ય)ના જિલ્લા રજીસ્ટ્રારની કચેરીમાંથી મદદનીશ સહકારી અધિકારી નવીનચંદ્ર છોટાલાલ પરમારે નોંધાવી છે. ખાત્રજ દુધ ઉત્પાદક સહકારી મંડળીમાં રૂ. ૭ હજારની હંગામી ઉચાપત સંદર્ભે પોલીસ સબ ઈન્સ્પેટર આર.ટી. બ્રહ્મભટ્ટે મંડળીના ચેરમેન અને મંત્રી બંને વિરૂધ્ધ ઉચાપતનો ગુન્હો દાખલ કરી સઘન તપાસ શરુ કરી છે.

### કલોલની સ્વામિનારાયણ હાઈસ્કુલમાં શિક્ષક દિન ઉજવાયો

કલોલમાં સઈજ જીઆઈડીસી સામે આવેલી શ્રી સ્વામિનારાયણ હાઈસ્કુલ કલોલ ખાતે આજે શિક્ષક દિનની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં ભાગ લેનાર ૪૯ વિદ્યાર્થીઓએ દિવસ દરમિયાન શાળાનું સંચાલન કરીને શિક્ષક તરીકેનો અનુભવ પ્રાપ્ત કર્યો હતો. વિદ્યાર્થીઓએ પોતાના પ્રતિભાવો જાહેરમાં આપ્યા બાદ અંતે નિલકંઠ સ્વામી તથા શાળાના આચાર્ય શૈલેષભાઈએ વિદ્યાર્થીઓને પ્રગતિ કરે તેવા આશિર્વચનો પાઠવ્યા હતાં.

# કલોલમાં એ.ટી.એમ. તોડીને ચોરીનો પ્રયાસ કરનાર ત્રિપુટી ઝબ્બો

### રેકી કરીને ડીસમીસ-પક્કડ લઈ આવી પહોંચેલા ત્રણેય શખ્સો કેમેરામાં કેદ થઈ ગયા હતા




(તસવીર : વિપુલ ચૌહાણ)

કલોલ, તા. ૫

કલોલ-મહેસાણા હાઈવે પર સ્થિત કલોલના ભગવતી કોમ્પલેક્ષમાં એક્સીસ બેંકના એ.ટી.એમ.ને તોડીને ચોરીના પ્રયાસનો કિસ્સો બનવા પામ્યો હતો. જો કે એ.ટી.એમ.માંથી રૂપિયા નીકાળવા ડીસમીસ પક્કડ સહીતના સામાન લઈને આવેલા શખ્સો રૂપિયા ઉપાડી ન શકતા ૩૫ હજારનું નુકશાન કરી તસ્કરો ફરાર થઈ ગયા હતા. સી.સી. ટીવી કેમેરામાં કેદ થઈ ગયેલા ત્રણેય શખ્સોને કલોલ સીટી પોલીસે આજે ઝડપી પાડ્યા છે. આ શખ્સોએ એક દિવસ અગાઉ રેકી કરી ૨૫મી ઓગષ્ટે ચોરીનો પ્રયાસ કર્યો હોવાની કબુલાત કરી છે. કલોલ સીટી પોલીસે ત્રણેયની ધરપકડ કરીને સઘન પુછપરછ માટે રીમાન્ડ મેળવવા તજવીજ શરૂ કરી છે.

કલોલ શહેરના પ્રણવ આશ્રમ પાસે હાઈવે પર ભગવતી કોમ્પલેક્ષ આવેલું છે. દશેક દિવસ અગાઉ તે કોમ્પલેક્ષમાં સ્થિત એક્સીસ બેંકના એ.ટી.એમ. મશીનને તોડવાનો નિષ્ફળ પ્રયાસ થવા પામ્યો હતો. જો કે એ.ટી.એમ.નો દરવાજો ન તુટતા કોઈ મુદ્દામાલની ચોરી થવા પામી ન હતી અને એટીએમ મશીનનું રૂ. ૩૫ હજારનું નુકસાન કરીને નાસી ગયા હતા. આ ચોરીના પ્રયાસ અંગે કલોલ શહેર પોલીસે હિતેશકુમાર નટવરભાઈ પ્રજાપતિની ફરીયાદને આધારે ગુનો દાખલ કરી પી.આઈ. આર.જી. ભાવસારે તપાસનો દોર શરૂ કર્યો હતો. એટીએમ રૂમના સી.સી.ટીવી કુટેજ મંગાવતા ત્રણ શખ્સોએ મળીને કૃત્ય કર્યુ હોવાનું બહાર આવ્યું હતું. જેને આધારે સઘન તપાસ કરીને આજે પોલીસે કલોલ પૂર્વમાં સ્વરૂપજીની ચાલી વિસ્તારમાં રહેતા ત્રણ શખ્સો વિક્રમ જેઠાભાઈ પ્રજાપતિ, સુરેશ લક્ષ્મણભાઈ નાયક, રાજુ લવજીભાઈ રાવળની ધરપકડ કરી લીધી છે. ત્રણેયની પુછપરછ કરતાં બહાર આવ્યું હતું કે ૨૪ ઓગષ્ટે તેઓએ એ.ટી.એમ. પાસે રેકી કરી હતી અને ૨૫મીએ ચોરીના પ્રયાસને અંજામ આપ્યો હતો. તેઓ ડીસમીસ અને પક્કડ જેવા સામાન્ય સાધનો લઈને એ.ટી.એમ. ચોરવા ગયા હતા. એ.ટી.એમ.નો દરવાજો ન ખુલતા તોડફોડ કરીને ભાગી ગયા હતા. ઉપરોક્ત આરોપીઓ પૈકી વિક્રમ અગાઉ શરૂના કેસમાં ઝડપાઈ ચુકેલો છે. પોલીસે આરોપીઓના ગુનાહિત રેકોર્ડ મેળવવા અપરાંત અન્ય કોઈ ગુનામાં સંડોવણી છે કે કેમ તે સંદર્ભે પુછપરછ માટે કોર્ટમાં રજુ કરી રિમાન્ડ મેળવવા કવાયત શરૂ કરી છે.

# ગુજરાત સરકારને બદનામ કરવા જૂઠ્ઠા આક્ષેપો અને જૂઠ્ઠાણાં ફેલાવી રહેલા તત્ત્વો સત્તાભૂખમાં જનતાની આંખમાં ધૂળ નાંખી રહ્યા છે

### આકાશ ટેબલેટ હજુ ધરતી ઉપર ઉતર્યું નથી ! : હવે ગુજરાતમાં લેપટોપનું લોલીપોપ બતાવાઈ રહ્યું છે : મુખ્યમંત્રી

ગાંધીનગર, તા. ૫

ગુજરાતના મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ સત્તાભૂખ માટે સમાજ અને વિદ્યાર્થી-યુવાપેઢીનું અહિત કરી રહેલા, આકાશ ટેબલેટ અને લેપટોપના લોલીપોપના જુઠ્ઠાણા ફેલાવી લોકોની આંખમાં ધૂળ નાંખી રહેલા, જૂઠા આક્ષેપો કરી રહેલાઓ સામે માર્મિક પ્રહારો કર્યા હતા.

શ્રી નરેન્દ્રભાઈ મોદીએ શિક્ષક-દિવસ ઉજવણી સમારોહમાં સ્પષ્ટપણે જણાવ્યું કે વર્ષોથી સત્તા વગર તરફડી રહેલાની સત્તાભૂખ સમજી શકાય એવી છે પણ જાહેરજીવનમાં સંયમ અને શિસ્તની હદ વટાવીને જેઓ વિદ્યાર્થી આલમના ભવિષ્ય સાથે ચેડાં કરી રહ્યા છે તે દેશની આવતીકાલને કેટલું નુકશાન કરશે તેનો ખ્યાલ કરવો જોઈએ.

કેન્દ્રની કોંગ્રેસ સરકારના માનવસંસાધન વિકાસ મંત્રીશ્રી કપિલ સિબ્બલે અગિયાર મહિના પહેલાં દિલ્હીમાં યુવાનોને રૂા. ૩૦૦૦/-નું આકાશ ટેબલેટ આપવાની જાહેરાત કરેલી અનેક વિદ્યાર્થી-યુવાનોએ રૂા. ૩૦૦૦ આગોતરા ભરી દીધેલા પરંતુ આજ સુધી આ આકાશ ટેબલેટ ધરતી ઉપર ઉતર્યું જ નથી. આવા જૂઠ્ઠાણાથી યુવાપેઢીની આંખમાં ધૂળ નાંખીને રાજકારણમાં વચનોની આબરૂ ગૂમાવી રહ્યા નો સ્પષ્ટ આક્ષેપ તેમણે કર્યો હતો.

દિલ્હીમાં તો આજે પણ કોંગ્રેસની જ કેન્દ્ર સરકાર છે. હજુ સુધી આકાશ ટેબલેટ કેમ આપી શકતા નથી? તો શું કામ વચનોની લહાણી કરો છો? અને હવે ગુજરાતમાં લેપટોપનું લોલીપોપ વિદ્યાર્થીઓને વચનરૂપે પકડાવી દીધું છે. આ જૂઠ્ઠાણા ગુજરાતનું ભલું કરશે નહીં એમ તેમણે સ્પષ્ટપણે જણાવ્યું હતું.

મુખ્યમંત્રીશ્રીએ એમ પણ જણાવ્યું કે સત્તાભૂખ્યા લોકો આ સરકારને બદનામ કરવા માટે જૂઠા આક્ષેપો કરી રહ્યા છે ત્યારે સત્યને લોકો સમક્ષ જાગર કરવા તેમણે આ મંચનો ઉપયોગ કર્યો છે.

ગુજરાતનો વિકાસ આખી દુનિયાને દેખાય છે. ત્યારે કોંગ્રેસીઓને દેખાતો નથી પરંતુ વિકાસના કોઈ પ્રમાણપત્રની આ સરકારને જરૂર જ નથી-જનતા જાતે જ વિકાસની અનુભૂતિ કરી રહી છે એમ તેમણે ગ્ય્વ્લ, કાંકરીયા, સાબરમતી રિવરફ્રંટ પ્રોજેકટ અને વિકાસના અનેક દ્રષ્ટાંતો આપીને વિકાસ કોને કહેવાય તેનું અનુસંધાન ઉપસ્થિત સભાગૃહ સાથે કર્યું હતું.


# ભિલોડાના શામળાજી પંથકમાં બી.એસ.એન.એલ. નેટવર્કના ધાંધીયા

હિંમતનગર, તા. ૫

સાબરકાંઠા જિલ્લાના ભિલોડા તાલુકાના શામળાજી પંથકમાં બી.એસ.એન.એલ. નેટવર્ક સતત ખોટકાતા આ વિસ્તારના મોબાઈલ ધારકો ભારે પરેશાની ભોગવી રહ્યા છે. વળી કારછા પાસેનું એક માત્ર બી.એસ.એન.એલ. ટાવર વારંવાર બંધ થતા ચેકપોસ્ટથી રાજસ્થાન તરફ આવેલ ગામડાઓમાં મોબાઈલ ધારકોને સતત રોમિંગની સમસ્યાનો સામનો કરવો પડે છે.

શામળાજી પંથકમાં બી.એસ.એન.એલ.ની સેવા સતત ખોટકાઈ રહી છે. તેમાંય ચેકપોસ્ટથી આગળ રાજસ્થાન સરહદને અડીને આવેલ ગામડા જેવા કે જાબચિતરીયા, રંગપુર, કારછા, જાંબુડી, દમુણી, અણસોલ, હેગામડી જેવા અંતરિયાળ ગામડાઓના મોબાઈલ ધારકોને માત્ર એક કારછા પાસે આવેલ બી.એસ.એન.એલ. ટાવરનો આધાર છે ત્યારે આ ટાવરે કોઈપણ ટેકનીકલ ખામી કે વિજ પુરવઠાના અભાવે વારંવાર બંધ થાય છે ત્યારે આ વિસ્તારના તમામ બી.એસ.એન.એલ. મોબાઈલ ધારકોને રોમીંગની સમસ્યાને સામનો કરવો પડી રહ્યો છે. જેને લઈ આ વિસ્તારના મોબાઈલ ધારકો છાશવારે ખોટકાતા બી.એસ.એન.એલ. સેવાથી ત્રાસી ઉઠ્યા છે. ત્યારે અહી અન્ય એક ટાવરનું નિર્માણ થાય કે પછી આ એક માત્ર આ બી.એસ.એન.એલ.ના ટાવરનું વ્યવસ્થિત સંચાલન કરવામાં આવે તેવું આ વિસ્તારના મોબાઈલ ધારકો ઈચ્છી રહ્યા છે. જો આ સમસ્યાનું સત્વરે નિરાકરણ કરવામાં નહિ આવે તો બી.એસ.એન.એલ. ધારકોને છેવટે અન્ય સેવાનો લાભ લેવા મજબૂર બનવું પડશે.

## શબ્દાવલી - ૪૮૩૫



**આડી ચાવી**

૧. બડાઈખોર (૫)
૩. મદારી, ગારૂડી (૨)
૫. બકબક, કચકચ (૪)
૭. બીકણ (૪)
૧૦. ડંકો, ટન એવો અવાજ કરે તે (૩)
૧૧. મોચ, મચકોડ (૨)
૧૨. એક જાતની ઘોડી (૩)
૧૩. ચિંતન, મનમાં વિચારવું તે (૩)
૧૬. તાસ કે મોટી ડીશ (૩)
૧૭. સાથ આપનાર (૪)
૧૯. લીક થવું તે (૩)
૨૧. મેડિસીન, ઔષધ (૨)
૨૨. ફરજ (૨)
૨૩. ચોખાના ઝીણા કટકા (૩)

**ઊભી ચાવી**

૧. નિયતમાંથી છટકવાની યુક્તિ - રીત (૪)
૨. હિંચકો (૨)
૩. એક વાસણ - કટોરો (૩)
૪. પુત્ર - બાબો (૩)
૬. નાનકડો ટૂકડો (૩)
૮. રડવાની તૈયારી હોય તેવો ચહેરો (૪)
૯. બારસાખ, બારી-બારણાની ફ્રેમ (૩)
૧૪. સાચુ-અસલી ના હોય તેવું (૩)
૧૫. દરવાજે ઊભો રહી ચોકી કરે તે (૪)
૧૬. વખાણ (૩)
૧૭. સાજન, પિયુ (૩)
૧૮. શાબાશી (૨)
૨૦. ... કાપી ખવડાવીને બર્થડે ઉજવણી થાય (૨)

### શબ્દાવલી ૪૮૩૪ના જવાબ

**આડી ચાવી :-** (૧) અંજામ (૩) અભરખો (૬) તીર (૭) કાબર (૮) પામર (૯) ખોયા (૧૦) ટવચોખ (૧૧) ડર (૧૩) તીર (૧૪) ચોખા (૧૫) પય (૧૮) પત (૧૯) કીકી (૨૦) ઓળખાણ (૨૨) રનવે (૨૩) શણ (૨૪) મા

**ઊભી ચાવી :-** (૧) અંતિમ (૨) જાર (૩) અબરખ (૪) ભર (૫) ખોડીયાર (૭) કામચોર (૮) પાવતી (૯) ખોડખાપણ (૧૨) તપકીર (૧૬) યકીન (૧૭) કળશ (૨૧) ખાણ

# દરેક જિલ્લામાં મોડેલરૂપે બે સ્માર્ટ સ્કૂલ એક ઈકોફ્રેન્ડલી ગ્રીન સ્કૂલ એક સ્પોર્ટ્સ સ્કૂલ સ્થપાશે

### ૧૧મી સપ્ટેમ્બરથી પ્રાથમિક શાળામાં ૩૦ દિવસનું વિવેકાનંદ વાચન પર્વ અભિયાન




ગાંધીનગર, તા. ૫

મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ શિક્ષક દિવસ-૨૦૧૨ના ગરિમામય અવસરે રાજ્યના શ્રેષ્ઠ શિક્ષકોને પુરસ્કૃત કરતાં ગુજરાતમાં ઉત્તમ શિક્ષકના નિર્માણ અને ગૌરવની તેમજ પ્રત્યેક જિલ્લામાં બે સ્માર્ટસ્કુલ, એક ગ્રીનસ્કુલ અને એક સ્પોર્ટસ સ્કુલ મોડેલરૂપે સ્થાપવાની જાહેરાત કરી હતી. આગામી ૧૧મી સપ્ટેમ્બરથી પ્રાથમિક શાળામાં ૩૦ દિવસનું ''વિવેકાનંદ વાંચન પર્વ'' ઉજવાશે. તેમ પણ તેમણે જાહેર કર્યું હતું.

રાજ્યભરની શાળાઓના અંદાજે દોઢ કરોડ જેટલા વિદ્યાર્થીઓ અને શિક્ષકો સાથે સેટેલાઈટ ટેકનોલોજી માધ્યમથી શૈક્ષણિક વાર્તાલાપ મુખ્યમંત્રીશ્રીએ કર્યો હતો. મુખ્યમંત્રીશ્રી સાથે આ સમારોહમાં ઉપસ્થિત ૧૫ વિદ્યાર્થીઓએ જીવન-વિકાસ અંગે રસપ્રદ પ્રશ્નોત્તરી કરી હતી.

શિક્ષકનો શિક્ષણ જ્ઞાનદીપ ભીતરમાં પ્રતિપળ પ્રકાશિત રહે, વધુ તેજસ્વી બને તેની નિરંતર પ્રક્રિયાના ભાગીદાર બનવા તેમણે શિક્ષકોને ઉત્તમ યોગદાન આપવા આહ્‌વાન કર્યું હતું.

ડો. સર્વપલ્લી રાધાકૃષ્ણની આગામી વર્ષે સવાસોમી જ્યંતીનું વર્ષ છે તેને અનુલક્ષીને મુખ્યમંત્રીશ્રીએ પ્રત્યેક શાળામાં શિક્ષણનું સર્વાંગીણ ગુણાત્મક પરિવર્તન લાવવાનું સહજ અને શૈક્ષણિક ચિન્તન કરવા અનુરોધ કર્યો હતો. આજે પાંચમી સપ્ટેમ્બરથી આગામી પાંચમી સપ્ટેમ્બર ૨૦૧૩ સુધીમાં શિક્ષણ ક્ષેત્રે નબળાઈઓને ઢાંકવાને બદલે સકારાત્મક રીતે શિક્ષણને સક્ષમ બનાવવા તેમણે આહ્‌વાન આપ્યું હતું.

ગુણોત્સવના પરિણામે રાજ્યની પ્રાથમિક શાળાના બાળકોમાં વાંચન ક્ષમતાની નબળી કડી શોધીને ઉપચારાત્મક ઉપાય તરીકે ૧૧મી સપ્ટેમબર-૨૦૧૨ સ્વામી વિવેકાનંદ દિગ્વીજય દિવસથી ૩૦ દિવસ સુધી પ્રાથમિક શાળાના બાળકો માટે ''વિવેકાનંદ વાંચન-પર્વ'' ઉજવવાનું નવતર અભિયાન હાથ ધરવાની તેમણે રૂપરેખા આપી હતી.

## વ્યાપક ફેરફારો

● અનુસંધાન પહેલાનું ચાલુ

કલેક્ટર, મધ્યાહ્ન ભોજન યોજના, ખેડા તરીકે બઢતી અપાઈ છે; એ કે પ્રજાપતિ, મામલતદાર, ડિઝાસ્ટરને નાયબ કલેક્ટર, સુરેન્દ્રનગર તરીકે બઢતી અપાઈ છે.

ગાંધીનગર મામલતદાર શ્રી એમ એસ પંચાલની બદલી મામલતદાર, દહેગામ તરીકે કરાઈ છે જ્યારે આર પી ભાટી, મામલતદાર, જામજોધપુરને મામલતદાર, ગાંધીનગર તરીકે મૂકવામાં આવ્યા છે.

એસ બી દત્ત, મામલતદાર, દબાણની બદલી મહેસૂલ તપાસણી કમિશનર કચેરીમાં કરાઈ છે. આર પી બલસારા, ચિટનીશ, કમિશનરશ્રી, મધ્યાહ્ન ભોજન યોજનાની બદલી વડગામ મામલતદાર તરીકે કરાઈ છે. ગાંધીનગરમાં કમિશનર, જમીન સુધારણા કચેરીમાં ફરજ બજાવતા એન આર ગોહિલને મામલતદાર, ભેંસાણ તરીકે બદલી અપાઈ છે.

ગાંધીનગરમાં અજમાઈશી મામલતદાર તરીકે કાર્યરત શ્રી એ કે ગૌતમને ઇડર મામલતદાર, શ્રી કે યુ શાહને મહેમદાવાદ મામલતદાર, શ્રી વાય પી ઠક્કરને ગાંધીનગર દબાણ મામલતદાર તરીકે બદલી આપવામાં આવી છે.

આ ઉપરાંત એ ડી જોષી, અજમાઈશી મામલતદાર, અમદાવાદને કલોલ મામલતદાર તરીકે અને બી એ પટેલ, અજમાઈસી મામલતદાર, આણંદને દહેગામ મામલતદાર તરીકે બદલી અપાઈ છે. સુશ્રી જી એન દેસાઈ, અજમાઈશી મામલતદાર, પાલનપુર તરીકે માણસા મામલતદાર તરીકે અને એસ જી પટેરિયા, અજમાઈશી મામલતદારને મામલતદાર, હક્કપત્રક, ગાંધીનગર તરીકે બદલી આપવામાં આવી છે.

આમ, જિલ્લાના મહેસૂલી તંત્રમાં વ્યાપક ફેરફારો થયા છે.

## કલેક્ટરને આવેદનપત્ર

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

કલેક્ટર શ્રી ડી.બી. મહેતાને આવેદન-પત્ર સુપ્રત કરવામાં આવ્યું હતું.

ઘ-૩ નજીક એકત્ર થયેલા કાર્યકરોને શહેર કોંગ્રેસ પ્રમુખ શ્રી મુકેશ પટેલ, મેયરશ્રી મહેન્દ્રસિંહ રાણા, પ્રદેશ મહામંત્રી શ્રી નિસીત વ્યાસ, કાઉન્સીલર શ્રી હસમુખ મકવાણા, પક્ષના નેતા શ્રી ચીમનભાઈ વિંઝુડા, શ્રી પ્રવિણ પટેલે ગ્રામ્ય વિસ્તારના પ્રશ્નો અંગે જિલ્લા તંત્ર દ્વારા સેવવામાં આવતા ઉદાસીન વલણની આકરી ઝાટકણી કાઢી હતી.